

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 39,(SURAT), DATE-19/03/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૩૯, (સુરત), તા.૧૯/૦૩/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલઘરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની બેઠક યોજાઈ

3 તાપીની ઘણી શાળામાં ઇસાઇ શિક્ષકો બાળકોને ગીતાના પાઠ ભણાવતા નથી

4 ધૂળેટી રમ્યા બાદ નહેરમાં ન્હાવા પડેલા યુવાનનું તણાઈ જતા મોત

## મહારાષ્ટ્ર નાયક હિન્દવી સ્વરાજયના સંસ્થાપક છત્રપતિ શિવાજી મહારાજ ની જન્મ જયંતીની સોનગઢમાં ભવ્ય ઉજવણી

### ઢોલ નગારા અને ડીજે સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી






**તાપી**- તાપી જિલ્લા તા. ૧૭ સોમવાર સોનગઢમાં દર વર્ષ ની જેમ ચાલુ વર્ષે પણ શ્રી શિવાજી યુવક મંડળ સોનગઢ અને હિન્દુ સંગઠન દ્વારા સોનગઢ નગરના શિવાજી નગરમાંથી મહારાષ્ટ્ર નાયક હિંદવી સ્વરાજયના સંસ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૬ મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઢોલ નગારા અને ડીજે સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી પંચવટી હનુમાન મંદિર થઈ નવાગામ બ્રાહ્મણ ફળિયા વાણીયા ફળિયા થઈ મુખ્ય બજાર છત્રપતિ શિવાજી મહારાજ ચોક ખાતે સભામાં ફેરવાઈ હતી. જય શિવાજી જય ભવાની ના નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું ખુબજ મોટી સંખ્યામાં યુવાનો ભાઈઓ અને બહેનો આ શોભાયાત્રામાં ઉમટી પડ્યા હતા.

## બારડોલીના હરિભક્ત પરિવારે નિર્જળા મહંતજી વ્રત પૂર્ણ કર્યું



**બારડોલી-** સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનેરું મહત્વ ધરાવતા શ્રી મહંતજી વ્રત મુજબ બે નાના બાળકોએ પોતાના માતા પિતાની પ્રેરણા અને સહયોગ સાથે ૫ દિવસીય નિર્જળા મહંતજી વ્રત પૂર્ણ કર્યું હતું.

બારડોલીમાં રહેતા હરિભક્ત પરિવારની ધો. ૩ માં અભ્યાસ કરતી ૮ વર્ષની હેતસ્વિની અને ધો. ૫માં અભ્યાસ કરતા ૧૦ વર્ષીય આશુતોષે શ્રદ્ધાપૂર્વક વ્રત પૂર્ણ કરતા ૫ દિવસીય નિર્જળા વ્રતને પૂર્ણ કરી કોઠારી પુણ્યદર્શન સ્વામીના હસ્તે પારણા કર્યા હતા. સંતાનોની ધર્મભાવનાને પ્રેરક બળ આપતા તેના માતાપિતા કાલિદાસ પટેલ અને ભારતી પટેલે પણ વ્રત પાળી ધર્મભાવ ઉજાગર કર્યો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરતા શિશુ મંડળ, કાર્યકર્તાઓ અને બાલિકા મંડળ દ્વારા અભિનંદન અપાયા હતા.




ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
તંત્રી- હિમાંશુ ઠાકોર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સાથે નેશનલ ડિફેન્સ કોલેજ-NDCના અધિકારીઓની ગાંધીનગર ખાતે સૌજન્ય મુલાકાત



ભારતીય સેનાના મેજર જનરલ શ્રી અજયકુમાર સિંઘના નેતૃત્વમાં ગુજરાતની સ્ટડી ટુર પર આવેલી ૧૭ મેમ્બર્સની ટીમ પ્રવાસ દરમિયાન ગિફ્ટ સિટી, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, અમુલ ડેરી આણંદ અને વડોદરામાં ઈ-૨૯૫ એરક્રાફ્ટ એસેમ્બલી યુનિટની મુલાકાત લેશે.

## માંડવીના ખરોલી ગામે રૂ.૯.૯૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવ ચેકડેમોના કામોનું ખાતમુહૂર્ત કરતા આદિજાતિ વિકાસ રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિ

-માંડવી તાલુકાની વેર નદી પર ચેક ડેમો બનવાથી ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી મળી રહેશે. જેનાથી ખેતી અને ખેડૂતો સમૃદ્ધ બનશે:

-માંડવી તાલુકાના અરેઠ ગામને સોલાર સિસ્ટમથી સંપૂર્ણ સજ્જ ગામ બનાવાશે.

માંડવી તાલુકાના તમામ ગામોમાં રોડ કનેક્ટિવિટી સહિત આરોગ્ય, શિક્ષણ, પાણી, સિંચાઈ સહિત તમામ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે- આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી






## નકલી પાસપોર્ટ સાથે પકડાશો તો ૭ વર્ષની જેલ, ૧૦ લાખ સુધીનો દંડ, સંસદમાં ઈમિગ્રેશન બિલ પાસ





સંસદમાં નવા ઈમિગ્રેશન બિલને મંજૂરી મળી ગઈ છે, જેને પગલે હવે ભારતમાં પ્રવેશ કરવા, રહેવા અથવા બહાર જવા માટે નકલી પાસપોર્ટ અથવા વીઝાનો ઉપયોગ કરનારા પર આકરી કાર્યવાહી થશે. બિલની જોગવાઈઓ હેઠળ આ પ્રકારનું ફ્રોડ કરનારાને સાત વર્ષ સુધીની જેલની સજા અને રૂ. ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે. આ સાથે હવે કેન્દ્રને વિદેશીઓના આવાગમન અંગે વધુ અધિકારો મળશે, જેમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવો, જતા રોકવા, વિશિષ્ટ ક્ષેત્રો સુધી પહોચને પ્રતિબંધિત કરવાની શક્તિઓનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયની દેખરેખમાં તૈયાર કરવામાં આવેલા ઈમિગ્રેશન અને ફોરેનર્સ બિલમાં હોટેલો, યુનિવર્સિટીઓ, અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો અને નર્સિંગ હોમ દ્વારા વિદેશીઓ અંગે માહિતી આપવાની જોગવાઈ ફરજિયાત કરાઈ છે. આ માધ્યમથી નિશ્ચિત સમય કરતાં વધુ સમય સુધી આવી સંસ્થાઓમાં રોકાનારા વિદેશીઓ પર નિરીક્ષણ રાખવામાં આવશે. એ જ પ્રકારે બધી જ આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ અને જહાજોને ભારતમાં કોઈપણ બંદર અથવા અન્ય સ્થળ પર પ્રવાસીઓ અને ક્રૂની યાદી જમા કરાવવી પડશે.

આ બિલ ગત ૧૧ માર્ચે લોકસભામાં રજૂ કરાયું હતું. તેની જોગવાઈઓ મુજબ જે કોઈપણ નકલી પાસપોર્ટ અથવા અન્ય પ્રવાસ દસ્તાવેજ અથવા વીઝાનો ઉપયોગ ભારતમાં પ્રવેશ કરવા અથવા અહીં રહેવા અથવા ભારતમાંથી બહાર જવા માટે કરશે, તેને ઓછામાં ઓછી બે વર્ષની સજા કરાશે.

આ સજા સાત વર્ષ સુધી વધારી શકાશે. વધુમાં આવા લોકોને ઓછામાં ઓછા રૂ. ૧ લાખથી મહત્તમ રૂ. ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે.

### ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ



શ્રી કરણી સેના ના સંસ્થાપક :
શ્રી લોકેન્દ્રસિંહજી કાલવી
ની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ

**શ્રી રાજપુત કરણી સેના, દક્ષિણ ગુજરાત**

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808



ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં બોલાવ ગામ ખાતે શ્રી રાજપૂત કરણી સેના નવનિયુક્ત યુવાનોની હોદ્દેદારોની વરણી કરવામાં આવી

**ઓલપાડ-** ઓલપાડ શ્રી રાજપૂત કરણી સેના દ્વારા નવનિયુક્ત યુવાનહોદ્દેદારોની વરણી કરવામાં આવી, આ પ્રસંગે ઉપસ્થિત ખૂબ મોટી સંખ્યામાં રાજપૂત સમાજના વડીલ આગેવાન નો ની ઉપસ્થિતિમાં ૨૧ જેટલા યુવાનોની વર્ણી કરવામાં આવી છે. જેમાં શ્રી રાજપુત કરણી સેનાના દક્ષિણના હોદ્દેદારો અને સુરત જિલ્લાના ઉપસ્થિત રહી ખેસ પહેરાવી અને નિમણૂક પત્ર વિતરણ કરવામાં આવ્યા.

મેહુલસિંહ દેસાઈ (દક્ષિણ ગુજરાત રાજપૂત કરણી સેના પ્રમુખ), મિતુલસિંહ સુરમા (સુરત જિલ્લા પ્રમુખ), ટુંમીરસિંહ સોલંકી( સુરત જિલ્લા મહામંત્રી), હિમાંશુસિંહ ઠાકોર (સુરત જિલ્લા મીડિયા પ્રભારી), બિમલસિંહ ગોહિલ( સુરત જિલ્લા ઉપપ્રમુખ), વિશાલસિંહ મેધાત (સુરત જિલ્લા ઉપપ્રમુખ), પ્રિન્સ મહીડ ા(સુરત જિલ્લા પ્રવક્તા), જસપાંલસિંહ પરમાર (બારડોલી તાલુકા મહામંત્રી), બોલાવ ગામના રાજપુત સમાજના જશવંતસિંહ ખેર, વનરાજસિંહ બારડ, જયેશસિહ દેસાઈ,દિલિપસિહ ઠાકોર તથા અન્ય સામાજિક અગ્રણીઓની હાજરી મા નવ યુવાનોની નિયુક્તિ માં કરવામાં આવી. સૌ વડીલો એ હોદ્દેદારોને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવ્યા. અંતે સૌ યુવાનોએ સુરુચિ ભોજન સાથે લઈ. માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ રાજપૂત એકતા અને શૌર્ય વધુ મજબૂત બની રહેશે!

**:: પ્રમુખશ્રી ::**

સુજીતસિંહ અજીતસિંહ સોલંકી, બોલાવ

**: મહામંત્રીશ્રી ::**

રાજદિપસિંહ રાજેન્દ્રસિંહ સોલંકી, બોલાવ દુષ્યંતસિહ વિક્રમસિહ સોલંકી, કીમામલી વિરાજસિંહ ઉપેન્દ્રસિંહ ઠાકોર, સાયણ કિરણસિંહ અશ્વિનસિંહ સોલંકી, કંથરાજ વિરભદ્રસિંહ ઉપેન્દ્રસિંહ ખેર, બોલાવ રાજવીરસિંહ અજીતસિંહ ખેર, ઉમરાછી આદિત્યસિંહ અભેસિંહ ઠાકોર, સોદા મીઠા

**: સંરક્ષકશ્રી ::**

વિનીતસિંહ સુનિલસિંહ બારડ, કીમ

**:: પ્રવક્તાશ્રી ::**

કેતનસિંહ પ્રવિણસિંહ ઠાકોર, ભાદોલ

**ઉપપ્રમુખશ્રી ::**

વિશાલસિંહ સંજયસિંહ બારડ, ઉમરાછી પાર્થસિંહ ઈશ્વરસિંહ દોડીયા, કારેલી યોગરાજસિંહ અશોકસિંહ ઠાકોર, સાયણ ધનવીરસિંહ અર્જુનસિંહ બોરસીયા, કીમ.

**:: સંગઠન મંત્રીશ્રી ::**

દિવ્યરાજસિંહ રણજીતસિંહ ચૌહાણ, કીમ હિતેન્દ્રસિંહ રણજીતસિંહ બારડ, વડોલી જીગ્નેશસિંહ બળવંતસિંહ ઠાકોર, કણભી શૈલેન્દ્રસિંહ બળવંતસિહ બારડ, વડોલી

**: પ્રભારીશ્રી ::**

મહાવીરસિંહ ભીખુસિંહ ઠાકોર, એરથાણ

**:: સંયોજકશ્રી ::**

વિરાજસિંહ સુરેન્દ્રસિંહ બોરસીયા, બોલાવ

**: સોસીયલ મીડિયા** પ્રભારીશ્રી :: જયદીપસિંહ રામસિંહ ભરથાણીયા, બોલાવ







## ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની બેઠક યોજાઈ



**તાપી-** જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજરોજ કેટલીક બેઠક યોજાઈ હતી જેમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક પણ યોજાઈ હતી. ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠકમાં તાલુકા કક્ષાએ યોજાયેલી બેઠકોનો અહેવાલ, આધાર આધારિત અનાજ વિતરણ વ્યવસ્થાની સમીક્ષા, ત્રણ માસમાં નવા યોજાયેલા રેશનકાર્ડની વિગતો, વ્યાજબી ભાવની દુકાનોની તપાસણી તેમજ રેશન કાર્ડ ઈ-કેવાયસી જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક બાદ તુરત જ કાયદો અને વ્યવસ્થા અંગેની બેઠક યોજાઈ હતી જેમાં સી.આર.પી.સીના, તડીપારના કેસો, પાક રક્ષણ માટે હથિયારોની અરજીઓ, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલતા કેસો, સમન્સ, વોરંટ, નોટીસની વિગતો જેવી તમામ બાબતોની વિગતો અધ્યક્ષને આપવામાં આવી હતી. આ ઉપરાંત નશાબંધી અને આબકારી કચેરી, ખોરાક અને ઔષધ નિયમનતંત્ર, શ્રમ અધિકારીશ્રીની કચેરી, વન વિભાગની કચેરી, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, કાનૂની માપ વિજ્ઞાન વિભાગની કચેરી અને ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગની કચેરી જેવી તમામ કચેરીઓની કામગીરી અંગે કલેક્ટર કક્ષાએથી સમીક્ષા કરવામાં આવી હતી.

## સોનગઢ પાલિકાનું ૫૮ કરોડની આવક અને ૫૧ કરોડ ખર્ચવાળું બજેટ મંજૂર



**સોનગઢ-** નગરપાલિકાનું વર્ષ ૨૦૨૫-૨૬ નું સામાન્ય બજેટ અને ૨૦૨૪-૨૫ નું સુધારેલું બજેટ સામાન્ય સભામાં રજૂ થયું હતું જે બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. આવનાર વર્ષ દરમિયાન કુલ આવક રૂપિયા૫૮ કરોડ થવાનો અંદાજ છે જયારે ખર્ચ રૂપિયા ૫૧ કરોડ અને પૂરાંત રૂપિયા ૭ કરોડ રહેવાની શક્યતા છે. સોનગઢ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તાજેતરમાં સંપન્ન થઈ હતી અને તેમાં બીજેપી ના પક્ષે ૨૮ માંથી ૨૬ બેઠક આવી હતી જયારે કોંગ્રેસે ૦૨ બેઠક સાથે સંતોષ મેળવવો પડ્યો હતો. પરિણામ પછી નગરપાલિકાના પ્રમુખ પદે સારિકા બહેન પાટિલ જયારે કારોબારી અધ્યક્ષ તરીકે હેતલભાઈ મહેતા તથા બાંધકામ અધ્યક્ષ પદ પર આશિષભાઈ શાહની વરણી થઈ હતી. પાલિકા પ્રમુખ સારિકા બહેન પાટિલ ના અધ્યક્ષ સ્થાને પ્રથમ સામાન્ય સભા મળી હતી જેમાં જુદી જુદી સમિતિની રચના કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૫-૨૬ નું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.આવનાર વર્ષ દરમિયાન રેટ કટ ની આવક ૪.૩૧ કરોડ, મહેસુલી આવક ૧.૫૩ કરોડ જયારે ગ્રાન્ટ ની આવક ૩૬.૦૮ કરોડ તથા પરચૂરણ આવક ૨.૧૬ કરોડ મળી કુલ આવક રૂપિયા ૪૪.૦૯ કરોડ થવાનો અંદાજ છે. એ સાથે જ તા. ૧.૪.૨૦૨૫ ની ઉઘડતી સિલક રૂપિયા.૧૪.૨૫ કરોડ ને મળી કુલ આવક રૂપિયા.૫૮.૩૫ કરોડ થનાર છે. તેની સામે વર્ષ દરમિયાન થનાર ખર્ચ ની વિગતો જોઇએ સામાન્ય વહીવટી ખર્ચ રૂપિયા૧.૮૧ કરોડ, દિવાબતી ખર્ચ રૂપિયા ૯૧ લાખ, ફાયર વિભાગમાં ખર્ચ રૂપિયા ૪.૦૧ કરોડ, પાણી પુરવઠા વિભાગમાં રૂપિયા ૧૪.૩૯ કરોડ નો ખર્ચ થનાર છે.

જનરલ કન્ઝર્વન્સી ખાતે રૂપિયા૯.૦૩ કરોડ, પરચૂરણ ખર્ચ રૂપિયા૨.૯૩ કરોડ અને જાહેર બાંધકામ વિભાગમાં વર્ષ દરમિયાન રૂપિયા. ૧૮.૪૨ કરોડ નો ખર્ચ થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ તમામ ખર્ચ મળી વર્ષ દરમિયાન કુલ ખર્ચ રૂપિયા ૫૧.૫૨ કરોડ નો ખર્ચ થશે જયારે તા. ૩૧/૩/૨૬ ના રોજ બંધ થતી સિલક રૂપિયા ૬.૮૨ કરોડ રહેવાની સંભાવના છે.

## પલસાણામાં મહિલાને બચાવવા જતા યુવકે જીવ ગુમાવ્યો:રેલ્વે ટ્રેક પર અજાણી મહિલાને બચાવવા જતાં ટ્રેન અડફેટે ૨૫ વર્ષીય યુવકનું મોત

બારડોલી- સુરતના પલસાણા વિસ્તારમાં બગુમરા નહેર પાસે રેલ્વે ટ્રેક પર એક અજાણી મહિલાને બચાવવા જતાં ૨૫ વર્ષીય યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ યુવકનું સારવાર દરમિયાન મોત થયું છે.

ઘટના ૧૫ માર્ચ ૨૦૨૫ના રોજ સાંજે ૫ વાગ્યાની આસપાસ બની હતી. પર્વત પાટીયા અંજના ફાર્મના રહેવાસી ધીરજ સમરજીત પટેલ તેમના મિત્ર મહેન્દ્ર સાથે ફરવા નીકળ્યા હતા. બગુમરા નહેર નજીક રેલ્વે ટ્રેક પર એક અજાણી મહિલાને જોઈ. મહિલાને બચાવવાનો પ્રયાસ કરતા ધીરજ પોતે જ ટ્રેનની અડફેટે આવી ગયો.

અકસ્માતમાં ધીરજને ડાબી કમર અને ડાબા પગે ગંભીર ઈજાઓ થતા તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવો હતો. જોકે, ટૂંકી સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો છે.

## સુરત જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં દારૂના વેચાણ, ઉત્પાદન અને હેરફેર કરતા બુટલેગરો સામે તત્કાલ અસરથી કાર્યવાહી કરવા

## ગુજરાત રાજય ગૃહમંત્રી હર્ષ સંઘવીને આવેદન પત્ર અપાયું

તા. ૨૫/૧૧/૨૦૨૪ ના રોજની પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજયને સુરત જિલ્લામાં અને ખાસ કરીને સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દારૂના વેચાણ, ઉત્પાદન અને હેરફેર કરતા બુટલેગરો અને ઇસમો સામે તાકીદે કડકમાં કડક પગલાં લેવા બાબત, તેમજ પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ, ઉત્પાદન તથા હેરફેર અન્વયે તટસ્થ અને પ્રમાણિક અધિકારીઓની નિમણૂક કરી બુટલેગરો ઉપર યોગ્ય અને કડક કાર્યવાહી કરવા બાબતે કરવામાં આવેલ રજૂઆત.

સુરત જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી પ્રોહીબીશનના ગુના સાથે સંકળાયેલ બુટલેગરો અંગે ફરિયાદો ઉઠી રહેલ છે.અમો દ્વારા પણ સમયાંતરે વારંવાર પ્રોહીબીશનનાં ગુનાઓ સાથે સંકળાયેલ બુટલેગરો સામે કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવેલ હતી. પરંતુ સુરત જીલ્લાનાં પોલીસ વિભાગ દ્વારા આ ફરિયાદોનું કાયમી નિરાકરણ કરવામાં આવી રહેલ નથી. હજી પણ સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી અમોને રજૂઆતો કરવામાં આવી રહેલ છે કે આજે પણ દારૂની હાટડી ઓ ચાલી રહેલ છે અને ખુલ્લે આમ જાહેર રસ્તાઓ પર દારૂ ની હેરફેર થઈ રહેલ છે.

વધુમાં જણાવવાનું કે અમો દ્વારા ઉપરોક્ત સંદર્ભમાં દર્શાવેલ બાબતે તા. ૨૫/૧૧/૨૦૨૪ ના રોજ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય, ગાંધીનગરને પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૫૩૮ બુટલેગરોની યાદી સાથે રજૂઆત કરવામાં આવેલ હતી. જેની તપાસ પોલીસ અધિક્ષક સુરત ગ્રામ્યને સોપવામાં આવતા તેમના દ્વારા ૨૦૨૪ ના વર્ષમાં માત્ર ૪૩ બુટલેગરોને પાસા અને ૯૩ જેટલી તડીપાર માટે દરખાસ્ત કરવામાં આવેલ છે એવો જવાબ આપી અરજી દફ્તર કરી દેવામાં આવેલ છે. પરંતુ હાલની પરિસ્થિતિ જોતાં એવું લાગી રહેલ છે કે એક પણ બુટલેગર સામે પાસા કે તડીપાર ની કાર્યવાહી કરવામાં આવેલ નથી. અરજીઓનાં સદર્ભમાં પોલીસ વિભાગ દ્વારા અરજી



દફ્તર કરવા માટે નામ પૂરતી કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ આજે પણ સુરત જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ચાલી રહેલ દારૂની હાટડીઓ અને જાહેર રસ્તાઓ ઉપરથી થઈ રહેલ દારૂની હેરફેર જોતાં એવું લાગી રહ્યું છે કે કાયમી નિરાકરણ આવે એવી કોઈ સખત કાર્યવાહી બુટલેગરો સામે કરવામાં આવી રહેલ નથી. જે બતાવે છે કે પોલીસ વિભાગ પ્રોહીબીશનના ગુનાઓ બાબતે ગંભીરતા દાખવી રહેલ નથી. સુરત જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં વારંવાર રજૂઆતો કરવા છતાં છેલ્લા ગેરકાયદેસર રીતે દારૂ તેમજ અન્ય પ્રતિબંધિત વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ પણ ઘટવા ને બદલે દિન પ્રતિદિન વધી રહ્યું છે.

સુરત શહેરના વિસ્તારોમાં હજી પણ અનેક જગ્યાએ દારૂગાળવાના અડ્ડાઓ જોવા મળે છે અને યુવાનો દારુ અને નશાયુક્ત પદાર્થો તરફ ખુબ ઝડપથી વધી રહ્યા છે અને તેનું દિન પ્રતિદિન સેવન કરી રહ્યા છે. જે ખૂબ જ ગંભીર બાબત છે.

નશાયુક્ત પદાર્થોનું સેવન કરવાથી સુરત જીલ્લા અને શહેરી વિસ્તારમાં ગંભીર ગુનાઓમાં વધારો થતો જોવા મળી રહ્યોછે જે મીનમેખ બાબત છે. એક સભ્ય સમાજમાં આવી પરિસ્થિતિનું નિર્માણ થવું ખુબ જ દુઃખની બાબત છે. આવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં અને સુરત જિલ્લા અને શહેરમાં ક્રાઈમ રેટમાં દિનપ્રતિદિન વધારો થવા માટે ગંભીર ગુનાઓ પ્રત્યે આંખ આડા કાન કરનાર પોલીસ તંત્રના અધિકારીઓની નિષ્ક્રિયતા જવાબદાર છે જેને લીધે આવા ગુનેગારોને ગુનાઓ કરવા માટે મોકળુ મેદાન મળી જાય છે. તેમજ કેટલાક કર્મચારીઓ અને તેમની સાથે સાંઠ-ગાંઠ ધરાવતા વહીવટદારો અને રીઢા બુટલેગરોના મેળાપીપળા અને સાંઠ-ગાંઠને લીધે પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ ખુલ્લેઆમ થઈ ગયેલ છે.જો આ બાબતે તત્કાલ કાર્યવાહી કરી કાયમી નિરાકરણ કરવામાં આવશે નહી તો આવનાર દિવસોમાં સુરત ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં નાગરિકોએ ગંભીર પરિણામ ભોગવવા પડશે એ વાતને શંકા ને સ્થાન નથી .

આમ, આપશ્રી દ્વારા હાલમાં જ બુટલેગરો ,ગુનેગારો અને ગુંડા તત્વો સામે કાર્યવાહી કરવા માટે આદેશ આપવામાં આવેલ છે ત્યારે અમારી અગાઉના સમયની રજૂઆત અને સદર્ભનાં અનુસંધાને વિશાળ સમાજ હિતમાં યોગ્ય કાર્યવાહી કરી આ બુટલેગરો સામે તત્કાલ અસરથી કાયમી નિરાકરણ આવી શકે એવા કડકમાં કડક પગલાં લેવામાં આવે અને આ બુટલેગરો સામે ચાલતા કેસોમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ની નિમણૂક કરવામાં આવે કે જેથી આ બુટલેગરોને સજા થાય એન પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ સુરત ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ઘટાડી શકાય અને ગુનાઓ ઉપર અંકુશ લગાવી શકાય.

### કલેકટર ડો.વિપિન ગર્ગના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન સમિતિ અને ફરિયાદ નિવારણની બેઠક યોજાઈ

## લોક હિતના પ્રશ્નોનું નિયમસર અને સમયસર કામ કરવા સાથે એકમેકના સંકલનમાં રહીને કામ કરવા અધિકારીઓને માર્ગદર્શન પુરૂં પાડતા જિલ્લા કલેક્ટર

**તાપી -** તાપી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ અંગેની બેઠક આજરોજ કલેકટર કચેરી, વ્યારાના સભાખંડમાં કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ ઉપરાંત બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રામનિવાસ બુગાલિયા, પ્રાયોજના વહીવટદારશ્રી જયંતસિંહ રાઠોડ, ધારાસભ્યશ્રી મોહનભાઈ કોકણી સહિત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.



સંકલન સમિતિમાં પડતર અરજીઓનો નિકાલ, નિવૃત્ત કર્મચારીઓના પેન્શન કેસો, એ.જી.ઓડિટ પારા, પડતર કાગળો, તકેદારી આયોગની અરજીઓ, સાંસદ અને ધારાસભ્યશ્રીની અરજીઓ, સરકારી નાણાંની વસુલાત, ગૌચરની જમીનોના દબાણ તેમજ સરકારી વિવિધ વિભાગોના નકારાત્મક અખબારી અહેવાલ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકના અધ્યક્ષ અને કોર કમિટીને તમામ બાબતોના પડતર કેસોના નિકાલ અને અદ્યતન વિગતો બાબતે અવગત કરાયા હતા.

સંકલન સમિતિની આ બેઠકને સંબોધતા કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગે જણાવ્યું હતું કે સરકારી ફરજમાંથી નિવૃત્ત થયેલા કોઈપણ કર્મચારીઓના પેન્શન કેસમાં વિલંબ ના થવો જોઈએ. તેમણે પેન્શન કેસોનો ઝડપથી અને સમયસર નિકાલ કરવા સુચન કર્યું હતું. આગામી સમયમાં નિવૃત્ત થનારા કર્મચારીઓ/ અધિકારીઓનો ડેટાબેઝ કામ માટે અગાઉથી તૈયાર રાખવા સલાહ આપી હતી.

નિવાસી અધિક કલેક્ટરશ્રી આર.આર.બોરડે સરકારી લેણાની બાકી વસુલાત સમયસર થાય, સંસદ સભ્યો, ધારાસભ્યો અને પદાધિકારીઓને તેઓના પ્રશ્નનોના યોગ્ય ઉત્તર અપાય તેમજ નકારાત્મક અખબારી અહેવાલો અંગે સત્વરે તપાસ-અહેવાલ કલેક્ટરને રજુ કરવા અનુરોધ કર્યો હતો. ૧૫ દિવસ કરતા વધારે સમયથી પડી રહેલા પેન્ડીંગ કાગળો તેમજ ખાતાકીય તપાસના કેસોમાં કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા જણાવ્યું હતું.

ધારાસભ્ય મોહનભાઈ કોકણીએ મૌખિક રજૂઆત કરતા જણાવ્યું હતું કે કાવડિયા ડુંગરને વિકસાવવાની કામગીરી કરવામાં આવે તેમજ કપુરાથી વ્યારા ના રોડની મરમ્મત અને બાકી રહેલા જન અધિકાર પત્રોની કામગીરી આગળ વધારવા માટે ઝડપથી કામગીરી થાય. આ ઉપરાંત અધ્યક્ષસ્થાનેથી પ્રિમોન્સુન કામગીરી માટે જિલ્લામાં અત્યારથી જ આયોજન કરવા માટે ભલામણ કરી હતી. ગ્રામ્ય વિસ્તારો, નાળા, નીચાણવાળા વાળા રોડમાં પાણી ભરાતા હોય તેની વિગત, તેના કારણો અને નિકાલ કરવા માટેના વિવિધ આયોજનની વિગતવાર માહિતી રજુ કરવા જણાવ્યું હતું. વોટર લોગીંગ, સ્ટ્રીટ લાઈટ ન હોઈ, ખાડા પડ્યા હોય તો તેવી તમામ બાબતોમાં ઝડપથી મરમ્મત કરવા માટે સુચના આપી હતી. આ બેઠકમાં ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ ગ્રુપના અધ્યક્ષ તેમજ ધાર્મિક દબાણો દુર કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક સાથે કાયદો અને વ્યવસ્થા, રોડ સેફ્ટી, ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની તેમજ પ્રાયોજના અધિકારીશ્રીની કચેરી દ્વારા પણ બેઠક કરવામાં આવી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર આર.આર. બોરડ, પ્રાંત અધિકારી શ્રી સંદીપ ગાયકવાડ, ડીઆરડીએ ડાયરેક્ટર શ્રી ખ્યાતી પટેલ સહિત સંકલનના તમામ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### પરંપરાગત બિઝનેસને ટક્કર આપતાં સ્ટાર્ટઅપ

સ્ટાર્ટઅપ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકો પાસે આત્મ વિશ્વાસ, રેતીમાં વહાણ ચલાવવાની આવડત, પડકારો જીલવાની આંતરીક શક્તિ, મિત્રોનો ટેકો, સરકારી સહાય, મોટિવેશન કરતા લોકો વગેરે સહાયકની ભૂમિકામાં હોય છે.

સમાજ રચના એવી તૈયાર થઇ છે કે ચોક્કસ વર્ગના લોકોના હાથમાં બિઝનેસ હોય અને બાકીના લોકોએ તેમને ત્યાં જોબ કરવાની હોય. પરંતુ દબાઇ રખાયેલી આ સ્પ્રીંગ હવે સ્ટાર્ટઅપના નામે ઉછળી છે અને હજારોને રોજગારી આપી રહી છે તે ઉપરાંત બિઝનેસ કોઇ પણ કરી શકે છે તે માન્યતાનો પ્રસાર કરી રહી છે. : મધ્યમ વર્ગ નોકરી કર્યા સિવાય કશુંજ ના કરી શકે એવી માનસિકતામાં તેનો ઉછેર થયો હોય છે. કોઇ ધંધાની વાત તેના માટે અને તેના કુટુંબ માટે બળવા સમાન લાગે છે.

૨૦૨૫નું આર્થિક તંત્ર અનેક પડકારો સાથે લઇને ચાલી રહ્યું છે. ભારતમાં પરંપરાગત બિઝનેસ કરતાં સ્ટાર્ટઅપ વધુ પડકારો જીલતા અને રોજગારી ઉભી કરતા જોવા મળે છે. પરંપરાગત બિઝનેસ પાસે ગ્રાહકોનો બેઝ, બેંકો સાથે સંબંધો, સત્તાવાળાઓ સાથે કામ કરવાની લાઇન દોરી, બહોળું કુટુંબ હોવાના કારણે સતત વધતી રહેલી આર્થિક તાકાત, રાજકીય સત્તાધીશો સાથેના સંબંધો, ખાનગી રોકાણકારો સાથેના વર્ષો જુના સંબંધો વગેરે પરંપરાગત બિઝનેસના ટેકેદારો બની ગયા હોય છે.

તેની સામે સ્ટાર્ટઅપ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકો પાસે આત્મ વિશ્વાસ, રેતીમાં વહાણ ચલાવવાની આવડત, પડકારો જીલવાની આંતરીક શક્તિ, મિત્રોનો ટેકો, સરકારી સહાય, મોટિવેશન કરતા લોકો વગેરે સહાયકની ભૂમિકામાં હોય છે.

સમાજ રચના એવી તૈયાર થઇ છે કે ચોક્કસ વર્ગના લોકોના હાથમાં બિઝનેસ હોય અને બાકીના લોકોએ તેમને ત્યાં જોબ કરવાની હોય. પરંતુ દબાઇ રખાયેલી આ સ્પ્રીંગ હવે સ્ટાર્ટઅપના નામે ઉછળી છે અને હજારોને રોજગારી આપી રહી છે તે ઉપરાંત બિઝનેસ કોઇ પણ કરી શકે છે તે માન્યતાનો પ્રસાર કરી રહી છે. આપણે ત્યાં બિઝનેસના આઇડયા ચેક્કસ કોમ્યુનિટી સાથે જોડાયેલા માનવામાં આવતા હતા. તેમનામાં બિઝનેસ સેન્સ હોવાનું અને પૈસાની તાકાત હોવાનું કહેવામાં આવતું હતું. મધ્યમ વર્ગ માટે નોકરી અને જીંદગીભર વૈતરૂં લખાયું હોવાનું મનાવા લાગ્યું હતું. દેશના આ ૯૦ ટકા વર્ગની બિઝનેસ સેન્સને પરંપરાગત બિઝનેસ કરતા ગૃહો અને સત્તાવાળાઓએ દબાવી દીધી હતી. ચોક્કસ બિઝનેસ ગૃહોના હાથમાંજ નવા આઇડયા સોંપવા પડતા હતા અને આઇડયા આપનારને તેમને ત્યાં જોબ કરવા પડતી હતી. આઇડયાનો અમલ કરીને તેમાંથી કંપની લાખો કમાતી હતી. હવે તે માન્યતાને બાજુ પર હડસેલી દેવાઇ છે. જે સ્ટાર્ટઅપના નામે બહાર આવીને પરંપરાગત બિઝનેસ કરનારાઓને પડકારી રહી છે.

એક તરફ ઇન્ટરનેટની સ્પીડ વધી હતી તો બીજી તરફ ફાયનાન્સ, ઇકોમર્સ, ઇન્ટરનેટ ટેક્નોલોજી જેવા નવા ક્ષેત્રો ખુલવા લાગ્યા હતા.હકીકત એ છે કે નવા સ્ટાર્ટઅપના ફેલાવાના કારણે પરંપરાગત બિઝનેસ કરનારાઓ હવે જુનવાણી લાગવા લાગ્યા છે. પરંપરાગત બિઝનેસ ટેક્નોલોજી સાથે અપડેટ થયા નહિ એટલે કેટલાંક હવે નવા સ્ટાર્ટઅપનો પ્રભાવ જીલી શકતા નથી. વર્ષોથી કેટલાક બિઝનેસ જેવાંકે ટી પ્લાન્ટેશન,મસાલા બિઝનેસ,ડેરીની બનાવટો,ટોબેકોની બનાવટો, ફૂડ પ્રોસેસીંગ, તૈયાર કપડાં વગેરેના બિઝનેસ પર કોઇ ધ્યાન નહોતું અપાતું. આ બિઝનેસ થતા હતા પરંતુ તે કોઇ પ્લાનીંગ વિનાના જણાતા હતા. નવા સ્ટાર્ટઅપમાં આવા બિઝનેસને વ્યવસ્થિત બિઝનેસ ટ્રેક પર લાવીને તેમાંથી વધુ નફો રળવાનું તેમજ બિઝનેસનો વ્યાપ વધારવાનું વિચારાયું હતું.

ઇકોમર્સ અને ઇન્ટરનેટ ટેક્નોલોજીએ સ્ટાર્ટઅપના સાહસોને નવો બૂસ્ટ આપ્યો હતો. વિદેશમાંથી ભણીને આવેલા યુવાનોએ ભારતના અનેક બિઝનેસમાં શૂન્યાવકાશ જોયો હતો. ઇન્ટરનેટ યુગનો લાભ ઉઠાવીને તેણે તેમના આઇડયાને અમલી બનાવ્યા હતા. ભારતમાં સ્ટાર્ટઅપ કંઇ આજકાલનો વિષય નથી. તેના મૂળીયા દાયકાઓ પહેલાં રોપાયેલાં છે. પરંતુ તેની ગતિ છેલ્લા દાયકાથી જોવા મળી છે તે યાદ રાખવું જોઇએ. ૨૦૦૦ ના વર્ષમાં મેક માય ટ્રીપ, ૨૦૦૭ માં ફ્લિપકાર્ટ,૨૦૦૮ માં ઝોમેટો જેવી કંપનીઓએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. પરંતુ મધ્યમ વર્ગનાં લોકો પૈસા વગર કેવી રીતે કંપની ઉભી કરી શકે છે તે ઇન્ફોસિસના નારાયણ મૂર્તિ અને તેમના મિત્રોએ કરી બતાવ્યું હતું.

ઇન્ફોસિસની સ્થાપના કરનાર નારાયણમૂર્તિના મિત્રો મહારાષ્ટ્રના પૂણેમાં પટણી કોમ્પ્યુટરમાં કામ કરતા હતા. તેમના પગારથી તેમને સંતોષ હતો પરંતુ તેમની પાસેના આઇડયાનું તેમની કંપની અમલીકરણ કરતી નહોતી. મિત્રોએ પટણી છોડીને ૧૯૮૧માં ઇન્ફોસિસ શરૂ કરી હતી.

## તાપીની ઘણી શાળામાં ઇસાઇ શિક્ષકો બાળકોને ગીતાના પાઠ ભણાવતા નથી




**સોનગઢ-** સોનગઢ માં ચાલતી પૂજ્ય મોરારી બાપુની કથામાં શનિવારે રાજ્યના શિક્ષણમંત્રી આવ્યા હતા. તેમણે તાપી જિલ્લા અને ગુજરાત રાજ્ય માં શાળા કક્ષાએ ભગવત ગીતાનું જ્ઞાન આપવા માં આવે તેવી વ્યવસ્થા ગુજરાત સરકારે કરી હોવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ગીતા ના પાઠ ધોરણ છ થી શરૂ કરાવી દેવામાં આવ્યાં છે. આ ગીતા પાઠ અમે બાળપણથી શીખવીશું. એમ જણાવ્યું હતું. સંબોધન બાદ શિક્ષણ મંત્રી સ્ટેજથી નીચે ઉતરતાં હતા ત્યારે બાપુએ તેમને એક શિક્ષકનો પત્ર આપ્યો હતો અને તેની પર ચિંતન કરવા માટે કહ્યું હતું. જેમાં તાપી જિલ્લાની ઘણી શાળામાં ઇસાઇ શિક્ષકો સરકારનો આદેશ હોવા છતાં બાળકોને ગીતાજીનું જ્ઞાન ન આપતા હોવાની વ્યથા ઠાલવવામાં આવી હતી. એક શિક્ષકે પત્રમાં વર્ણવેલી વ્યથાના આધારે બાપુએ કહ્યું હતું કે ધર્માંતરણના ગંભીર મુદ્દે માત્ર ચિંતન કરવાની જરૂર નથી ચિંતા કરવાની પણ જરૂરિયાત રહેલી છે.

ગુજરાત સરકાર દ્વારા શાળામાં ભગવત ગીતાનું શિક્ષણ આપવાની વાત કરી છે પણ તાપી જિલ્લા જેવા આદિવાસી વિસ્તારમાં સિત્તેર ટકા કરતાં વધુ શિક્ષકો જ ઈસાઈ ધર્મ નું પાલન કરતાં હોવાની વાત મળી છે ત્યારે આવા શિક્ષકો ગીતાજીના પાઠ બાળકો ને શિખવાડતા જ નથી.

મોરારિબાપુએ આક્રોશીત શબ્દોમાં કહ્યું કે ઈસાઈ શિક્ષકો પગાર તો સરકારનો ખાય છે પણ તેઓ સરકારી નીતિ ને આગળ વધારતાં નથી એ બરાબર નથી. મોરારીબાપુ જો કોઈ શિક્ષક વિદ્યાર્થીઓના મગજમાં ખોટી વાતો ભરતો હશે તો તેને સાખી લેવામાં આવશે નહિ.પૂજા અર્ચના પદ્ધતિ કોઈ પણ હોય શકે પણ એમાં મલીન ઈરાદો હશે ધર્મ પ્રચારની વાતો કરાતી હોય તે ચલાવી લેવામાં આવશે નહિ.ભગવત ગીતાના વિચારો આજે વિશ્વના સીમાડા આંબી રહ્યા છે ત્યારે અજ્ઞાનતા ભરી વાતો કરનાર લોકોએ પણ તેમાંથી શીખવું જોઈએ અને બોધપાઠ લેવાની જરૂર છે.

## સુરત - તાપીના આરોગ્ય કર્મચારીઓની હડતાળ, દર્દીઓ અટવાયા, ૫૦૦ સગર્ભા તપાસથી વંચિત



બારડોલી- આરોગ્ય કર્મચારીઓના છેલ્લા બે વર્ષથી આરોગ્ય કર્મચારીઓને ટેક્નિકલ કર્મચારી ગણી ટેક્નિકલ પગાર ધોરણમાં ગ્રેડ પેમાં સુધારાની માંગણી તેમજ ઉચ્ચતર પગાર ધોરણ અને ખાતાકીય પરીક્ષા મુક્તિ માટે સરકારને વારંવાર રજૂઆત કરવા છતા નિરાકરણ આવ્યું નથી. ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘે તા. ૧૭/૩/૨૦૨૫ થી અચોક્કસ મુદતની હડતાળનું એલાન કર્યું છે.

જે અંતર્ગત સુરત જિલ્લાના પલસાણા, બારડોલી, મહુવા, માંડવી, ઓલપાડ , ચૌર્યાસી, માંગરોળ, કામરેજ ઉમરપાડા તાલુકાના મલ્ટીપરપઝ હેલ્થ વર્કર, મલ્ટીપરપઝ હેલ્થ સુપરવાઈઝર, ફીમેલ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ સુપરવાઈઝર કેડરના કુલ ૫૮૨ કર્મચારીઓ હડતાળમાં જોડાયા છે. જેથી આરોગ્યની સેવા પર ગંભીર અસર પડશે એમ આરોગ્ય શાખા જિલ્લા પંચાયત સુરતના ત્રીજા વર્ગના ક્ષેત્રીય કર્મચારી મંડળના પ્રમુખ અશ્વિનકુમાર એચ પટેલ, મહામંત્રી કેતન રણા, ઉપપ્રમુખ હરેશ ચૌહાણ, કેરનગ્રીન પટેલ, વિરલબહેન દ્વારા જણાવવામાં આવ્યુ હતુ.

તાપી જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળના નેજા હેઠળ આરોગ્ય કર્મચારીઓ વિવિધ માંગણી ને લઈ હડતાળ પાડતા, ૨૭૯ આરોગ્ય સેન્ટરો પર સેવાઓ પર અસર થઈ હતી. સોમવારે ખાસ કરીને મમતા દિવસને લઈને જિલ્લાની અંદાજિત ૫૦૦ જેટલી સગર્ભા સ્ત્રીઓ તપાસ, રસી સહિતની કામગીરી ખોરંભે ચઢી હતી તેમજ સોમવારે બાળ રસીકરણ અને ટીબી કેસના સારવાર મેલેરિયા સર્વિલન્સની કામગીરી પર હડતાળને લઈ અસર થઈ હતી.

વ્યારા ખાતે જિલ્લાના સાત તાલુકાના આરોગ્ય કર્મચારીઓ ભેગા થઈ રાજય સરકારની વિરૂધ્ધમાં સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. મુખ્ય માંગણીઓ ના સંતોષાય તો આગામી દિવસોમાં આ આંદોલન ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે તેમ તાપી જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ સુરેશભાઈ ગામીત, મંત્રી સંજીવ પટેલ, મુખ્ય કન્વીનર જગદીશ મરાઠે, સંગઠન મંત્રી ધર્મિષ્ઠાબેન ચૌધરીએ જણાવેલ છે.

સોમવારના દિવસે મમતા દિવસ હોય તાપી જિલ્લામાં ૨૪૦ સબ સેન્ટરો અને ૩૯ પીએચસી સેન્ટર ઉપર અંદાજિત ૫૦૦ જેટલી સગર્ભા મહિલાઓને જરૂરી તપાસ રસીકરણ આરોગ્ય શિક્ષણની કામગીરી હતી જેની સાથે નાના બાળકોને બાળ રસીકરણ પણ અટકી ગયું હતું.

## સી.આઇ.એસ.એફ.ના ૫૬માં સ્થાપના દિવસ નિમિત્તે કચ્છના લખપતથી નીકળેલી સાયકલ રેલીનું સુરત માં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું







**કચ્છ-** સી.આઇ.એસ.એફ. ના સ્થાપના દિવસ નિમિત્તે સીઆઇએસએફ દ્વારા સુરક્ષિત તટ, સુરક્ષિત ભારત થીમ પર સાયકલ યાત્રાનું ૭ માર્ચના રોજ ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ દ્વારા વર્ચ્યુઅલી લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું જેમાં એક ગ્રુપ ગુજરાતના કચ્છ લખપતથી અને બીજું ગ્રુપ પશ્ચિમ બંગાળના બખ્ખાલીથી સીઆઇએફના ૧૨૫ કર્મચારીઓ જેમાં ૧૪ સાહસીક મહિલાઓએ ભાગ લીધો છે. જે ૬,૫૩૫ કિલોમીટર ભારતના દરિયાઈ કિનારાના વિસ્તારનું અંતર કાપશે. લખપતથી નીકળેલા સીઆઇએસએફના કર્મચારીઓ સુરત સાયકલિસ્ટ મિત્રો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ બાદ આજરોજ આ રેલી સુરત ખાતે આવી પહોંચી હતી. સુરતની તાપી કિનારે સીઆઈએસેફના જવાનોએ તાપી કિનારે સાફ સફાઈ કરી હતી. કચ્છથી લઈને કન્યાકુમારી સુધીના કોસ્ટલ વિસ્તારમાં આ રેલી ફરી રહી છે અને લોકોમાં જનજાગૃતિ ફેલાવવાનું કાર્ય પણ કરી રહી છે. સીઆઇએસએફ કમાન્ડર અને સુરતના સાયકલ મેયર અનિલભાઈ મરડિયા અને ઓલપાડ તાલુકાના ભાડુંત ગામના વતની ધર્મેન્દ્ર પટેલ પણ આ રેલીમાં જોડાયા .આ રેલી માં સુરતના હજારો સાયકલ વીરોએ સાથ આપ્યો. સીઆઈએસેફના કર્મચારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## મહેસૂલ વિભાગ અને સ્ટેમ્પ ડ્યૂટી તંત્રએ મુસદ્દો તૈયાર કર્યો, સરકાર વિશ્લેષણ કરી જાહેરાત કરશે

### ૩૧ માર્ચે નવા જંત્રીદરો જાહેર થઈ શકે, ૩૦થી ૫૦ ટકાના ઘટાડાની ગુંજાશ, ૧ એપ્રિલથી અમલ

ગુજરાત સરકાર આગામી પહેલી એપ્રિલથી વૈજ્ઞાનિક પદ્ધતિથી કરાયેલા સરવે બાદના નવા જંગીદરોનો અમલ કરવા જઈ રહી છે. આ અગાઉ સરકારે જાહેર કરેલી મુસદ્દારૂપ જંત્રી સામેના વાંધાસૂચનો મંગાવ્યા હતા. આ પૈકી ૬૦ ટકાથી વધુ વાંધાસૂચનોમાં જંત્રી ઘટાડવાની રજૂઆત કરાઈ છે. હાલ મહેસુલ વિભાગને વિવિધ જિલ્લા કચેરીઓમાંથી આ વાંધાસૂચનોને આધારે પરામર્શ બાદનો અહેવાલ મોકલી અપાયો છે. હવે વિભાગ અને સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન સુપરિન્ટેન્ડન્ટ ઓફિસે અહેવાલોને મુસદ્દો તૈયાર કરી દીધો છે. જે થોડાં સમયમાં મુખ્યમંત્રી કાર્યાલયને મોકલી અપાશે. આ પછી સરકાર જયાં મુસદ્દારૂપ જંત્રીમાં ૫ થી ૧૦ ગણો વધારો થયો છે તેવાં શહેરી વિસ્તારોમાં લગભગ ૩૦ થી ૫૦ ટકા જેટલો ઘટાડો કરી શકે છે તેવું સૂત્રો જણાવે છે. શહેરોમાં એફોર્ડેબલ હાઉસિંગ પર તેની વિપરીત અસરો ન થાય તે રીતે જંત્રી આખરી કરાશે.

**એફએસઆઈમાં વધારાની વિચારણા**

એફોર્ડેબલ હાઉસિંગને જંત્રીદરોમાં વધારા પછી પણ મુશ્કેલી ન નડે તે માટે સરકાર ચોક્કસ ઝોનમાં એફએસઆઇ વધારવા અંગે વિચારણા કરી રહી છે. જયાં વણવપરાયેલી એફએસઆઇ છે. તેને ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઇટ્સની નીતિ અપનાવીને અપાશે. આ વિકાય યોગ્ય જણાય તો સરકાર તે માટે પણ જાહેરાત કરી શકે છે.

### સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ

## હવે પત્રકારો પર કેસ દાખલ કરવો સરળ નથી

**સુપ્રીમ કોર્ટે કહ્યું કે સરકારની ટીકાના આધારે કોઈપણ પત્રકાર વિરુદ્ધ કેસ દાખલ કરી શકાય નહી. અભિવ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે આ નિર્ણય મહત્વપૂર્ણ છે.**




નવી દિલ્હી - સુપ્રીમ કોર્ટે પત્રકારોની સ્વતંત્રતા અને અભિવ્યક્તિના અધિકારના રક્ષણ માટે ઐતિહાસિક નિર્ણય આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સરકારની ટીકાના આધારે કોઈપણ પત્રકાર વિરુદ્ધ કેસ નોંધી શકાય નહી.

**સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ**

સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે ભારતના બંધારણની કલમ ૧૯(૧) હેઠળ દરેક નાગરિકને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર છે. આ અધિકાર હેઠળ કોઈપણ પત્રકારને સરકારની ટીકા કરવાનો અધિકાર છે.કોર્ટે કહ્યું કે માત્ર સરકાર વિરુદ્ધ બોલવા અથવા તેની નીતિઓ પર સવાલ ઉઠાવવાના આધારે પત્રકાર વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી કરી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું કે, સ્વતંત્ર પત્રકારત્વ લોકશાહીનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. જો સરકારની ટીકા કરવા બદલ પત્રકારોને હેરાન કરવામાં આવશે તો પ્રેસની સ્વતંત્રતા જોખમમાં આવશે. સરકારે ટીકા સહન કરવાની ક્ષમતા વિકસાવવી પડશે.

**પત્રકારોની સ્વતંત્રતા પર સકારાત્મક સંદેશ**

સુપ્રીમ કોર્ટના આ નિર્ણયને પત્રકારોની સ્વતંત્રતાની મોટી જીત માનવામાં આવી રહી છે. આ નિર્ણય સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકારની ટીકા કરવી એ કોઈપણ નાગરિકનો બંધારણીય અધિકાર છે અને આ અધિકાર પર અંકુશ લગાવવાના પ્રયાસો લોકતાંત્રિક મૂલ્યોની વિરુદ્ધ છે.

પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એ પણ સુપ્રીમ કોર્ટના આ નિર્ણયને આવકાર્યો છે. પીસીઆઈએ કહ્યું કે આ નિર્ણયથી પ્રેસની સ્વતંત્રતા મજબૂત થશે અને પત્રકારોને ડર્યા વિના સત્ય જાહેર કરવા માટે પ્રેરણા મળશે.

**રાજકીય વર્તુળોમાં હલચલ**

સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ રાજકીય વર્તુળોમાં પણ હલચલ મચી ગઈ છે. વિરોધ પક્ષોએ આ નિર્ણયને આવકાર્યો છે અને તેને લોકશાહી માટે સકારાત્મક પગલું ગણાવ્યું છે. તે જ સમયે, સરકારી પ્રવક્તાએ કહ્યું છે કે તેઓ આ નિર્ણયનું સન્માન કરે છે અને કાયદાકીય પ્રક્રિયા હેઠળ આગળની વ્યૂહરચના તૈયાર કરશે.

સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ભારતમાં પત્રકારત્વની સ્વતંત્રતાને એક નવો આયામ આપશે. આનાથી પત્રકારોને સરકારી નીતિઓ પર સવાલ ઉઠાવવા અને જાહેર હિતના મુદ્દા ઉઠાવવા પ્રોત્સાહિત થશે. અભિવ્યક્તિની સ્વતંત્રતાનું આ રક્ષણ માત્ર લોકશાહીના પાયાને જ મજબૂત બનાવશે નહીં, પરંતુ સરકારને વધુ પારદર્શક અને જવાબદેહી પણ બનાવશે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક-મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ-૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ-૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# અભિનંદન : તરસાડી નગરપાલિકા






**તરસાડી** -One Nation One Election (એક રાષ્ટ્ર - એક ચુંટણી) અંતર્ગત, ભારત દેશની લોકસભા અને ભારત દેશના તમામ રાજયોની વિધાનસભાઓની સામાન્ય ચુંટણી એક સાથે કરાવવા માટે, ગત તારીખ ૧૭-૧૨-૨૦૨૪ ના રોજ, ભારતની સંસદમાં રજુ થયેલ બંધારણીય સુધારા બીલ-૧૨૯, સંશોધન વિધેયક ૨૦૨૪ ને સમર્થન આપવા સબબ, તરસાડી નગરપાલિકા ની તારીખ ૧૮-૦૩-૨૦૨૫ ના રોજની નિયત સામાન્ય સભામાં સર્વાનુમતે બહુમતીથી ઠરાવ પસાર કરવા માટે, તરસાડી નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી કપિલાબેન પરમારએ ઠરાવ રજૂ કર્યો અને તમામ સભ્ય શ્રીઓ એ સર્વાનુમતે મંજૂર કરવા બદલ પદાધિકારીશ્રીઓ તેમજ તમામ સભ્યશ્રીઓને અભિનંદન સહ શુભેચ્છાઓ.

# સુરત ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રીની અધ્યક્ષતામાં દક્ષિણ ઝોનના જીલ્લા પ્રભારી તેમજ જિલ્લા પ્રમુખો સાથે મહત્વની બેઠક મળી




સુરત ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજીની અધ્યક્ષતામાં દક્ષિણ ઝોનના જીલ્લા પ્રભારી તેમજ જિલ્લા પ્રમુખો સાથે મહત્વની બેઠક મળી હતી

આ બેઠક માં વલસાડ જીલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા તેમજ જીલ્લા પ્રભારી મહેન્દ્રભાઈ પટેલ બેઠકમાં સહભાગી થઈ વિવિધ મુદ્દાઓ પર માર્ગદર્શન મેળવ્યું હતું

# ધૂળેટી રમ્યા બાદ નહેરમાં ન્હાવા પડેલા યુવાનનું તણાઈ જતા મોત

## બારડોલી તાલુકાના ઉવાગામમાં ત્રણ દીકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવી



માંડવી-સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં ધૂળેટી રમ્યા બાદ મિત્રો સાથે નહેરમાં ન્હાવા ગયેલા યુવકનું નહેરના પ્રવાહમાં તણાતા મોત થયું હતું.

મળતી માહિતી મુજબ, ઉવા ગામનો ૩૬ વર્ષીય મુકેશ પાસવાન ધૂળેટી રમ્ય બાદ મિત્રો સાથે નહેરમાં ન્હાવા માટે ગયો હતો. દરમિયાન, નહેરના પાણીના તેજ વહેણમાં તણાઈ જતાં તેમનું દુઃખદ મોત નીપજ્યું હતું. ફાયર વિભાગની ટીમે તરત જ શોધખોળ અભિયાન શરૂ કર્યું હતું અને બીજા દિવસે સવારે બારડોલીના સરભોણ ગામની સીમમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. મુકેશઈ હરિપુરા ગામની કંપનીમાં નોકરી કરતો હતો, અને તેના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ત્રણ દીકરીઓના પિતા મુકેશ પાસવાનનું મોત તેમના પરિવાર માટે ભારે આઘાતજનક બન્યું છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બારડોલીના ઉતારા ધામડોદમાં દીપડાનો આતંકઃઆંબાવાડીમાં સૂતેલા ખેતમજૂર પર હુમલો, નાકના ભાગે ઈજા



બારડોલી- બારડોલી તાલુકાના ઉતારા ધામડોદ ગામની સીમમાં મોડીરાત્રે દીપડાએ આંબાવાડીમાં ઘૂસી ખેતમજૂર પર હુમલો કર્યો હતો. ખેતમજૂર તરત જ જાગી જતાં દીપડો ભાગી છૂટ્યો હતો. આ હુમલામાં ખેતમજૂરને નાકના ભાગે દીપડાના નખથી ઈજા થઈ હતી.

દક્ષિણ ગુજરાત અને સુરત જિલ્લાના જંગલ વિસ્તારમાં મોટી સંખ્યામાં દીપડાઓ વસવાટ કરે છે. તેઓ શિકારની શોધમાં વારંવાર માનવ વસ્તી તરફ આવે છે. આ ઘટના બાદ અન્ય ખેતમજૂરો પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છવાયો છે. તેઓ વન વિભાગ પાસે દીપડાને પાંજરામાં પકડવાની માંગણી કરી રહ્યા છે. વધુમાં, છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારમાં બે-ત્રણ દીપડાના બચ્ચાં પણ આવન-જાવન કરી રહ્યા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

# તેન ગામ સરપંચ અને તલાટીનું સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા



**બારડોલી-** સુરત જિલ્લા પંચાયત દ્વારા ૨૨ /૨૩ ફેબ્રુઆરી ના રોજ વેરા વસુલાત ની ખાસ ઝુંબેશ રાખવામાં આવેલ તેમાં બારડોલી તાલુકા તેન ગ્રામપંચાયતે સુરત જિલ્લામા ગ્રામ પંચાયત ના વેરા વસુલાત મા પ્રથમ નંબર મેળવ્યો.

તે બદલ સુરત જિલ્લા વિકાસ અધિકારી શિવાનીબેન ગોયેલ તેમજ જિલ્લાપંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ હસ્તે સુરત જિલ્લા પંચાયતની સામાન્ય સભાંમા તેન ગામ સરપંચ રીનાબેન ચૌધરી અને તલાટી પ્રશાંતભાઈપરમારનું સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# બારડોલીના વાંકાનેરમાં સમૃદ્ધિ ક્રેડિટ સોસાયટીની સ્થાપના કરાઈ



બારડોલી-બારડોલી તાલુકાના વાંકાનેર ગામે સમૃદ્ધિ કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ. નું સોમવારના રોજ સહકારી અગ્રણી ભિખાભાઈ ઝવેરભાઈ પટેલના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સૃષ્ટિ મહિલા ક્રેડિટ સોસાયટીના પ્રમુખ દિવ્યાબેન બ્રિજેશભાઈ પટેલ તેમજ મેનેજર ઉમેશભાઈ પટેલના પ્રયાસોથી આ ક્રેડિટ સોસાયટીની શરૂઆત થતાં વિસ્તારના ખેડૂતો અને વેપારીઓ તેમજ જરૂરિયાતમંદો માટે આ ક્રેડિટ સોસાયટી ઉપયોગી સાબિત થશે.

આ પ્રસંગે ભીખાભાઈ પટેલે વાંકાનેરની આ નવી સંસ્થા સ્થાનિક લોકોને રોજગારી મળે તે માટે સંગીન કામગીરી કરશે એવો આશાવાદ વ્યક્ત કરી તેમણે સંસ્થાના પ્રમુખ ઠાકોરભાઇ પ્રભુભાઈ દેસાઈ સહિત બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે સુમુલ ડેરીના પ્રમુખ માનસિંહ પટેલ, જિલ્લા સહકારી બેન્કના પ્રમુખ બળવંતભાઈ પટેલ, ગ્રામ વિકાસ કો-ઓ. ક્રેડિટ સોસાયટીના પ્રમુખ હસમુખભાઈ પટેલ, બારડોલી સુગર ફેક્ટરીના ઉપપ્રમુખ ભાવેશ પટેલ, સંસ્થાના ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ અને મંત્રી નિકુંજ પટેલ, જગદીશભાઈ રબારી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ક્રિકેટ રમતાં બાળકોના વિવાદમાં હિંસક ઘટના; ૮ સેકન્ડમાં ૪ ફટકા ઝીક્યા, યુવક ઢળી પડ્યો છતાં ઉપરાછાપરી ફટકા માર્યા

**બારડોલી-** સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ખોલવડ ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શ્રીપાદ એપાર્ટમેન્ટ, ગોકુળનગર ખાતે ક્રિકેટ રમતાં બાળકોના ઝઘડામાં વાલીઓ વચ્ચે હિંસક ઘટના બની હતી. જેમાં ઉશ્કેરાયેલા ઇસમે માતા સહિત બે પુત્ર ઉપર બેટ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે મામલો કામરેજ પોલીસ મથકે પહોંચ્યો હતો. ત્યારે હાલ મારામારીના CCTV ફૂટેજ સામે આવ્યા છે.

બાળકોના ઝઘડામાં વાલીઓ વચ્ચે હિંસક ઘટના ખોલવડ ગોકુળનગરના ગુરુ એપાર્ટમેન્ટ ખાતે રહેતા 33 વર્ષીય ચિરાગ નટુભાઈ ગોહિલ ગ્રીલ બનાવવાનું કામ કરે છે. ગત ૧૦ તારીખના રોજ તેમના નજીકના શ્રીપાદ એપાર્ટમેન્ટ સામે તેમનો ૮ વર્ષીય પુત્ર ધર્મ સહિત અન્ય છોકરા ક્રિકેટ રમી રહ્યા હતા. ત્યારે શ્રીપાદ ખાતે રહેતા રાહુલસિંહ નકુમે ચિરાગને 'તું ધર્મનો બાપ છો' કહેતાં તેમણે હા પાડી હતી. જેથી રાહુલે 'તારો છોકરો ધર્મ ક્રિકેટ રમતા મારા છોકરાને પાડી નાંખે છે. તારા છોકરાને સમજાવ' એમ કહ્યું હતું. જેથી ચિરાગે 'નાનાં બાળકો છે તો રમત રમતમાં એવું થઇ જાય, ધ્યાન નહીં આપવાનું' એમ કીધું હતું.

ચિરાગભાઇએ કહ્યું હતું કે, પુત્ર વતી હું માફી માગું છું જો કે, ઉશ્કેરાયેલા રાહુલે ચિરાગને ગાળો બોલી પરિવારને જાનથી મારવાની ધમકી આપી હતી, તેમ છતાં ચિરાગે કહ્યું હતું કે, પુત્ર વતી હું માફી માગું છું. આ દરમિયાન ત્યાં આવેલા ચિરાગનાં માતા ભાનુબેન તેમજ ભાઈ ચેતનને પણ રાહુલે ગાળો આપી હતી. રાહુલે પહેલાં તો વાત કરવા આવવાનું કહી ચિરાગને બોલાવ્યો અને પછી 'આજે તો તને અને તારા બાળકને છોડીશ નહીં'

# ઓલપાડ તાલુકામાં જળસંચયનું મહાઅભિયાનઃ ૧૦૪ ગામોમાં ૧૦ હજારથી વધુ વૉટર રિચાર્જ કામોનું ખાતમુહૂર્ત, સી. આર. પાટીલ વર્ચ્યુઅલી જોડાયા



કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ ના જન્મદિવસે ઓલપાડ તાલુકામાં જળસંચયનું વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. રાજયના વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલે દેલાડ ગામથી આ અભિયાનને લીલી ઝંડી આપી હતી. ઓલપાડ તાલુકાના ૧૦૪ ગામોમાંવરસાદી પાણીના સંગ્રહ માટે ૧૦૦ થી વધુ બોર બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ વરસાદી પાણીનો બગાડ અટકાવવાનો અનેભૂગર્ભજળસ્તર ઊંચું લાવવાનો છે. મંત્રી મુકેશ પટેલે આ કામગીરી એક મહિનામાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલે વર્ચ્યુઅલ માધ્યમથી કાર્યક્રમમાં જોડાઈને જળસંચય અભિયાનને સફળ બનાવવા માટે જનભાગીદારીનું આહ્વાન કર્યુંહતું. આ પ્રોજેક્ટમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગ્રામજનોના સહયોગની અપેક્ષા રાખવામાં આવી છે.

॥ શ્રી સદ્‌ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર
Mo. 97274 10292
94268 10292
શ્રીબાલાજી ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-

શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન
તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે
ઓર્ડર લેવામાં આવશે.

જોઈએ છે..! જોઈએ છે..!

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી

બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808


કન્ટ્રકશન ના બાંધકામ
માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).